<u>સી.પી.સી.ઓ.૩૯ રૂલ ૧,૨ તથા કલમ ૧૫૧ મુજબ દાવો ચાલતા દરમ્યાનનો કામ ચલાઉ મનાઈ અરજી લગત હુકમ</u>

૧. વાદીઓની અરજ છે કે, નામદાર કોર્ટની હકુમતમાં આવેલ નગરપાલીકાની માલિકીની સીટી સર્વે નં. ૩૬૫૩ થી ૩૬૫૫ વાળી જે મિલ્કત આવેલ છે. તે મિલ્કત વર્ષોથી શાકભાજી તથા ફ્રુટ માર્કેટ તરીકે જાણીતી છે. જેમા વાદી તથા નીચે જણાવ્યા મુજબના તમામ સભ્યો વર્ષોથી ભાડુઆત તરીકે કબજો ધરાવે છે.જે શાકમાર્કેટ વાળી મિલ્કત છે તે દાવાવાળી મિલ્કત છે જેને હવે પછી દાવામા દાવાવાળી મિલ્કત તરીકે વર્ણવેલ છે. હાજી દાઉદ પતરાવાલા વેજીટેબલ એન્ડ ફ્રુટ માર્કેટ એશોસીએશનના સભ્યો નીચે મુજબ છે.

અનુ નં.	સ્ટોલ નં.	નામ
૧	૧	રામાભાઈ હેમાભાઈ માળી
૨	૨	રમણભાઈ દેવભાઈ માળી
૩	૩	કમલાબેન રમણભાઈ માળી
૪	૪	પ્રેમચંદભાઈ વાલાભાઈ માળી
૫	૫	મગનભાઈ મોતીભાઈ માળી
૬	૬	મણીબેન મોતીભાઈ માળી
૭	૭	જેતીબેન ગોબરભાઈ માળી
૮	૮	રફીકભાઈ નૂરમોહમદ સબજીફરોજ
૯	૯	ફાતેમાબીબી ગફૂરભાઈ
૧૦	૧૦	એહમદ નિઝામુદીન
૧૧	૧૧	કલદાર એહમદભાઈ
૧૨	૧૨	અબ્દુલ રહેમાન રહેમાનભાઈ
૧૩	૧૩	યાસીનભાઈ કરીમભાઈ
૧૪	૧૪	સુગરાબેન મુન્નાજી
૧૫	૧૫	હાતીમભાઈ નુરૂભાઈ

૧૬	૧૬	મોહંમદભાઈ નથ્થુભાઈ
૧૭	૧૭	સલમાબીબી મુન્નાજી
૧૮	૧૮	જોવેદ એહમદભાઈ
૧૯	૧૯	મકસુદા અબ્દુલ ગફુરભાઈ
૨૦	૨૦	મહમદ ઈરશાદ કલદારભાઈ કુંજડા
૨૧	૨૧	રહેમાનબીબી કાળુભાઈ કુંજડા
૨૨	૨૨	મુલચંદભાઈ કાળુભાઈ માળી
૨૩	૨૩	લક્ષ્મીભેન મુલચંદભાઈ માળી
૨૪	૨૪	શાંતાબેન ધોળાભાઈ માળી
૨૫	૨૫	આરીફભાઈ ઈસમાઈલભાઈ સબજીફરોજ
૨૬	૨૬	ધોળાભાઈ રૂપાભાઈ માળી
૨૭	૨૭	ધાપુબેન નાથાભાઈ માળી
૨૮	૨૮	પ્રેમચંદભાઈ લુણાભાઈ માળી
૨૯	૨૯	યાકુબભાઈ ગફુરભાઈ કુંજડા
૩૦	૩૦	આરીફ યાકુબભાઈ સબજીફરોજ
૩૧	૩૧	રઈશાબેન અબ્દુલભાઈ કુંજડા
૩૨	૩૨	અબ્દુલ સતાર રહેમાનભાઈ કુંજડા
૩૩	૩૩	મુનશીભાઈ ગફુરભાઈ કુંજડા
૩૪	૩૪	હા.અબ્દુલકરીમભાઈ જુમ્માજી
૩૫	૩૫	ખાતુનબીબી ચાંદભાઈ કુંજડા
૩૬	૩૬	રમેશભાઈ પુંજાભાઈ માળી
૩૭	૩૭	રીઝવાન શકુરભાઈ કુંજડા
૩૮	૩૮	અબ્દુલ શકુર અલ્લાહબેબલી કુંજડા
૩૯	૩૯	સાજીદ શકુરભાઈ કુંજડા
૪૦	૪૦	સાહીર શકુરભાઈ કુંજડા
૪૧	૪૧	ફરીદાબીબી અજીજભાઈ કુંજડા
૪૨	૪૨	રઈશભાઈ વજીરભાઈ કુંજડા
૪૩	૪૩	બીબી અહેમદભાઈ
૪૪	૪૪	બેગમ નૂરમોહંમદ કુંજડા

૪૫	૪૫	અબ્દુલ શકુર અલ્લાહબેબલી કુંજડા
૪૬	૪૬	સલીમ એહમદભાઈ કુંજડા
૪૭	૪૭	ખાતુનબેન કરીમભાળ કુંજડા
૪૮	૪૮	કનૈયાલાલ ભુદરમલ વાસવાણી
૪૯	૪૯	દિલિપભાઈ ભુદરમલ વાસવાણી
૫૦	૫૦	અબ્દુલ અજીજ સફીભાઈ કુંજડા
૫૧	૫૧	રમેશભાઈ ભુદરમલ
૫૨	૫૨	ફારૂખભાઈ મુનશીભાઈ કુંજડા
૫૩	૫૩	કાળુભાઈ કચરાભાઈ માળી
૫૪	૫૪	જેનીભેન ભગાભાઈ માળી
૫૫	૫૫	કાળુભાઈ હબીબભાઈ કુંજડા
૫૬	૫૬	આસીફ યાકુબભાઈ કુંજડા

૨. ઉપર મુજબના સભ્યો સાથે તેઓનુ એસોસીએશન છે જે વણનોંધાયેલ એસોસીએશનના સભ્યો, પ્રમુખ, ઉપપ્રમુખ વિગેરે હોદ્ધેદારો છે અને તમામ સભ્યો વતી તેમની સંમતિથી હાલનો દાવો કરેલ છે. દાવાવાળી મિલ્કતના મૂળ માલિક હાજી દાહોદ યુસુફ અલી પતરાવાલા હતા. જેઓએ શાક માર્કેટના સ્ટોલ ચલાવવા અને અન્ય ઉપયોગ માટે સદર મિલ્કત દાનમાં આપેલ છે. પ્રતિવાદી નગરપાલિકા સદર જગ્યાના ભોંયતળીયાના ભાગે હાજી દાઉદ પતરાવાલા વેજીટેબલ એન્ડ ફ્રુટ માર્કેટ સદર મિલ્કતના ડોનરના આદેશ મુજબ ૧૯૫૫ થી ચાલી આવતા વેજીટેબલ એન્ડ ફ્રુટ માર્કેટને બંધ કરવા હકકદાર નથી અને સદર માર્કેટમા આવેલ અમો ૬૦–૭૦ વર્ષ ઉપરાંતથી કબજો ધરાવનાર વેપારીઓને કાયદાકીય પ્રક્રીયા કર્યા સિવાય ખાલી કરાવી શકવા હકકદાર નથી. જેથી તે મુજબનો ડેકલેરેશન મેળવવા હાલનો દાવો દાખલ કરેલ છે.

૩. તાજેતરમાં નગર સેવા સદન દ્ધારા વાદીઓ અને અન્ય સભ્યોને ૨૫૫૭/૨૧–૨૨ની નવેમ્બર –૨૦૨૧મા નોટીસ આપેલી જેમા તેઓએ દરેક શાકભાજી સ્ટોલધારકોને જણાવેલ કે, તેઓ નગરપાલિકના ભાડુઆત છે પરંતુ સદર મિલ્કત જર્જરીત થઈ ગયેલી હોઈ નગરપાલીકા દ્ધારા આ મિલ્કતને ડીમોલેશન કરી મલ્ટીપર્પસ બીલ્ડીંગ તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે તેવી લેખિત સુચના આપેલી અને જણાવેલ કે, તા.૧૪/૦૧/૨૦૨૨ સુધી

જગ્યા ખાલી કરી નગરપાલિકાને સુપ્રત કરી અન્ય જગ્યાએ શીફટીંગ કરવાનુ રહેશે. સદર સુચનાના અનુસંધાને તા.૧૫/૧૨/૨૧ ના રોજ લેખીતમા જણાવેલ કે,

(૧) અરજદારના સભાસદો જે ૫૬ સભાસદો છે તેઓ છેલ્લા ૫૦ વર્ષ ઉપરાંતથી વેજીટેબલ એન્ડ ફ્રુટ માર્કેટમા કાયદેસરના ભાડુઆત તરીકે કબજો ધરાવે છે. તેઓ સભાસદો નિયમીત ભાડુ ચુકવતા આવેલા છે પરંતુ ગયા મહીને અમારા સભાસદો સ્ટોલનુ ભાડુ આપવા ગયા ત્યારે નગરપાલીકા દ્વારા એમ જણાવવામાં આવ્યુ કે, ચોપડા ખોવાઈ ગયેલા છે મળશે એટલે ભાડુ સ્વીકારીશુ. તમામ ભાડુઆતો ભાડુ ચુકવતા આવેલા છે અને કોઈપણ પ્રકારનુ ભાડુ બાકી હોય તો તે ચુકવી આપવા તૈયાર છે. જેમની યાદી ૧ થી ૫૬ આ સાથે સામેલ છે જેથી તમામે તમામ વતી અને તેમના સંસ્થાના અધિકારી તરીકે હાલની અરજી આપેલ છે. જો આપના દ્વારા અમારી તકરારોનુ નિવારણ દિન-૭મા કરવામા નહી આવે તો નાછુટકે અમારે કોર્ટના દ્વાર ખખડાવવા પડશે.

(૨) આપના દ્વારા ચીફ ઓફીસરશ્રીની સહીથી પત્રક્રમાંક ૨૫૬૩/૨૧ વિગેરેથી નવેમ્બર-૨૦૨૧મા નોટીસ આપવામાં આવેલી જેમા આપના દ્વારા જણાવવામાં આવેલ કે, સદર બાંધકામ ઘણા વર્ષો જુનુ હોવાથી હાલમા જર્જરીત થઈ ગયેલ છે. નગરપાલિકા દ્વારા મલ્ટીપર્પઝ બીલ્ડીંગ તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે અમો એટલે કે, અમારા તમામ સભ્યો દાહોદ નગરના જાગૃત નાગરીક તરીકે દાહોદગામનું ડેવલોપમેન્ટ થાય અને અમારી બીલ્ડીંગમા અમોને નવીન બાંધકામમાં દુકાન ફાળવી આપવામાં આવે તો અમો તૈયાર છીએ જેના માટે આપની સમક્ષ નીચે મુજબ રજુઆત કરેલ.

(એ) સૌ પ્રથમ કોઈ સારા એન્જીનીયર/આર્કીટેકને મૂકી સર્વે કરાવી તમામ સ્ટોલ ધારકોના કબજા પ્રમાણેના માપની નોંધ કરવામાં આવે અને તે મુજબ હાલની સ્પષ્ટ સ્થિતીનુ પંચનામુ કરવામાં આવે.

(બી) જો તપાસણી અધિકારી સદર બીલ્ડીંગ રીપેર કરી ૨-૩ વર્ષ ચાલી શકે તેમ છે તેવો નિર્ણય આપે તો તે દરમ્યાન આપના દવારા મલ્ટી પર્પઝ બીલ્ડીંગના

નકશા તૈયાર કરવામાં આવે, સદર બીલ્ડીંગનુ બાંધકામ કઈ તારીખે શરૂ કરવામાં આવશે અને કઈ તારીખે પુરુ કરવામાં આવશે તેની તમામ સભાસદોને લેખીત જાણ કરવામાં આવશે.

(સી) મલ્ટીપર્પઝ બીલ્ડીંગ અંગે જે ઠરાવ કરવામાં આવે તે ઠરાવમાં હાલના કબજેદારોને નવી બીલ્ડીંગમા સમાવવામા આવશે તેવો ઉલ્લેખ ઠરાવમાં કરવામાં આવે.

(ડી) આપના દ્વારા જે તારીખે મલ્ટીપર્પઝ બીલ્ડીંગના બાંધકામની શરૂઆત કરવાનુ થાય એના ૧૫ દિવસ અગાઉ અમારા સભાસદો તેમનો કબજો છોડી બાંધકામ માટે કબજો સુપ્રત કરશે. અને તે નવીન બાંધકામ પુરુ થાય અને સભાસદોને નવા બાંધકામમાં સમાવવામાં આવે તે દરમ્યન દાહોદમા શાકભાજીનો ધંધો કરવા પરવાનો તથા ટેમ્પરરી જગ્યા ફાળવી આપવામાં આવે.

(૩) જો આ બાબત આપના દ્વારા સહાનુભૂતિપુર્વક વિચારણા કરવામાં ન આવે તો ૫૬ સભ્યોના કુટુંબો રઝળતા ન થઈ જાય અને અમારે ભૂખે મરવુ ન પડે એના માટે અમારા વર્ષો જુના ભાડુઆત તરીકેના કબજા ભોગવટામા હેલો હરકત કે અડચણ કરવા આપને કોઈ હકક કે અધિકાર નથી તેવુ ઠરાવી લેવા તેમ જ તે મતલબનો મનાઈહુકમ મેળવવા અને સદર બીલ્ડીંગ રીપેરીંગ કરી આપવા અને તેના આનુસાંગીક દાદ મેળવવા દાહોદના પ્રિન્સિપાલ સીનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં અને અથવા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાદ માંગી તમારા ખર્ચે અને જોખમે કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે તે જાણશો.

(૪) અમોને ખાત્રી છે કે હાલના વહીવટદાર અને ચૂંટાયેલ પાંખ સમાધાન કરવાની વૃતિ ધરાવે છે.માનનીય વડાપ્રધાનશ્રીના સૂત્ર '' સબકા સાથ સબકા વિકાસ ના સૂત્રને ધ્યાનમાં રાખી અમો માત્ર શાકભાજી ફળફળાદી વેચી અમારા કુંટુબનુ ભરણ–પોષણ કરનાર નાગરિકોને અન્યાય નહી થવા દો તેવી પુરેપુરી ખાત્રી અને વિશ્વાસ છે.

૪. ઉપર મુજબની વિનંતિ કર્યા બાદ ઘણો લાંબો સમય પ્રતિવાદી તરફથી જવાબની અપેક્ષા રાખેલી તે જવાબ ન આવતા તા.૫/૧/૨૦૨૨ના રોજ બપોરે ૧–૦૦વાગે ચીફ ઓફીસરશ્રીની રૂબરૂ મુલાકાત લઈ તેઓ શુ કરવા માંગે છે અને કેવી રીતે અમોને સાથ–સહકાર આપશે તે અંગેની ચર્ચા કરતા આ બાબત અમારી ઈન્ટરનલ મેટર્સ છે તેમ કહી કોઈપણ પ્રત્યુતર આપેલ નહી. આમ નગરપાલિકા બિલ્ડરોના હાથે વેંચાઈ ગઈ હોય તેમ જણાય છે ને તેઓ બિલ્ડર સાથે મળી જઈ ગેરકાયદેસર પ્રક્રિયા કરી બળજબરીથી અમારો કબજો પડાવી લેશે તેવુ સ્પષ્ટ જણાય છે.જેથી હાલનો દાવો અમારા ૫૦ વર્ષ ઉપરાંતના પ્રત્યક્ષ કાયદેસરના ભાડૂઆત તરીકેના કબજાની જાળવણી માટે કરવો પડેલ છે. આ દાવો નગરપાલિકાના ભાડુઆત તરીકે કરેલો હોઈ દાવા અગાઉની નોટીસ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૫. અમો વાદીઓ તથા અન્ય સભ્યો વર્ષો જુના પ્રતિવાદીના ભાડુઆત છે. જેથી ગેરકાયદેસર કાર્યવાહી કરી અમારો કબજો પડાવી લેવા પ્રતિવાદીને કોઈ હકક કે અધિકાર પહોંચતો નથી. અમોએ ઉપર જણાવ્યુ તેમ નગર સેવા સદન, દાહોદના રહીશોની સેવા કરવા માટેની સંસ્થા છે. અમારા જેવા ગરીબ શાકભાજીનો ધંધો કરતા માણસોને બિલ્ડરોના ઈશારે કોઈપણ જાતનો ઠરાવ કર્યા સિવાય સમગ્ર સભાની મંજુરી લઈ બજેટ મંજુર કરાવ્યા સિવાય, કામગીરી થઈ શકે તેમ ન હોવા છતા માથાભારે બિલ્ડરોના ઈશારે અમારો કબજો પડાવી લેવાની કોશીષ કરી રહયા છે જેથી જયાં સુધી મલ્ટીપર્પસ બીલ્ડીંગ અને સરકારશ્રીની મંજુરી મળે નહી, સમગ્ર સભા દ્વારા મંજુરી આપી બજેટ મંજુર થાય નહી, અને અમો વર્ષો જુના ભાડુઆતોને વૈકલ્પીક જગ્યાની વ્યવસ્થા કરી આપવામાં આવે નહી ત્યાં સુધી પ્રતિવાદી અમારા વાદીઓના કબજા ભોગવટામાં હેલ્લો હરકત કે અડચણ કરે–કરાવે નહી. અમારો કબજો લે–લેવડાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ મેળવવા હાલનો દાવો કરેલ છે.

૬. દાવાવાળી મિલ્કત ડોનેશનમાં આપનાર હાજી દાહોદ પતરાવાલા સદર જગ્યાએ શાકમાર્કેટ બનાવવા માટે અને ગરીબોને શાકભાજી ફ્રુટસ વેંચાણ કરવા સદર જગ્યા આપી શકાય તેવા હેતુ માટે દાનમાં આપેલી હોય પ્રતિવાદીને હેતુફેર કરવાનો અધિકાર પહોચતો નથી. તેઓ જાતે તેમની નોટીસમાં જણાવે છે કે, દાવાવાળી મિલ્કત

ડીમોલેશન કરી મલ્ટીપર્પસ બિલ્ડીંગ તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ બાબત જ્યાં સુધી પૂર્ણ થાય નહી અને તેની તમામ કાયદાકીય પ્રક્રિયા ઠરાવો મંજુરી, બજેટ, બાંધકામના નકશા, કોણ બાંધકામ કરવાના છે તે આ તમામ બાબતો નકકી ન થાય ત્યાં સુધી અમારો કબજો પડાવી લેવા કે અમારા કબજા ભોગવટામા હેલો, હરકત કે અડચણ કરવા પ્રતિવાદીને કોઈ હકક કે અધિકાર પહોંચતો નથી તેવુ ઠરાવી લેવા હાલનો દાવો લાવી જણાવેલ છે કે, વાદીનો પ્રથમદર્શનીય કેસ છે. પ્રાઈમાફેસી દાવો વાદીના લાભમાં થાય તેમ છે.બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમા છે. જો માગ્યા મુજબનો મનાઈહુકમ ફરમાવવામા નહી આવે તો પ્રતિવાદી દાહોદ નગર સેવા સદન ગેરકાયદેસર રીતે અમો વાદીઓ વર્ષો જુના પ્રતિવાદીના ભાડુઆત હોવા છતા અમારા કબ્જાને નુકશાન થાય તેવુ કાર્ય કરાવશે અને અમો વાદીઓને અપરિહાર્ય અગણિત નુકશાન થાય તેમ છે. અમારો રોજગાર બંધ થઈ જશે અને અમારા કુંટુબને ભીખ માંગવાનો વારો આવશે. જયારે મનાઈ હુકમ આપવામાં આવે તો સામાપક્ષે લેશમાત્ર નૂકશાન થાય તેમ નથી. ઉલ્ટાનુ ન્યાયનો હેતુ જળવાશે અને તેમને રુટીન કાર્ય કરતા અટકાવવા માંગતા નથી. પરંતુ તેઓ ગેરકાયદેસર કાર્યને કાયદેસરતા બક્ષવા બાબત કોઈ પણ ગેરકાયદેસર કાર્ય ન કરે તે માટે પાણી નિકળતા પહેલા પાળ બાંધવા માટે હાલનો દાવો દાખલ કરેલ છે. અમો નવીન મકાન બને તે સામે વાંધો લેતા નથી પરંતુ નવીન બાંધકામ કયારે કરવાના છે તે પણ તેઓ જણાવતા નથી. જો માગ્યા મુજબ મનાઈહુકમ નહી આપવામાં આવે તો વાદીને ઈરીપેરેબલ લોસ થશે અને દાવઓના અનેકીકરકણમા ઉતરવુ પડશે. જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં નહી આવે તો અમારો આ દાવો કર્યાનો અર્થ રહેશે નહી. જેથી હાલની અરજ લાવી દાદ માગેલ છે કે, આ કામના પ્રતિવાદી જયાં સુધી મલ્ટીપર્પસ બીલ્ડીંગ અંગેની તમામ પ્રકારની મંજુરીઓ આવે નહી અને મંજુર થાય નહી ત્યાં સુધી અને બાંધકામ શરુ કરતા પહેલા તમામ ભાડૂઆતોને વૈકલ્પીક વ્યવસ્થા કરી આપે નહી અને નવી બીલ્ડીંગ જે બને તેમા તમામ ભાડુઆતોનો સમાવેશ કરવામાં આવશે તેવી લેખિત બાંહેધરી આપે નહી ત્યાં સુધી અમો વાદીઓ તથા તમામ ભાડુઆતોના વર્ષો જુના કાયદેસરના કબજા ભોગવટામા હેલો હરકત કે અડચણ થાય તેવુ કોઈ કૃત્ય

કરે–કરાવે નહી કાયદો હાથમા લઈ કબજો પડાવી લે નહી અને અમોને ધંધો કરતા રોકે રોકાવે નહી તેવો દાવો ચાલતા દરમ્યાનનો કામચલાઉ મનાઈ હુકમ આપવા તથા યોગ્ય લાગે તે દાદ આપવા અરજ ગુજારેલ છે.

૭. પ્રતિવાદીને અદાલત સમક્ષ હાજર રહેવા નોટીસ કાઢતા તેઓના વકીલશ્રી મારફતે હાજર થઈ પ્રતિવાદી તરફે વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી સામે લેખીત જવાબ આંક–૨૧થી રજુ કરી જણાવેલ છે કે, હાલનો દાવો તથા મનાઈ અરજી તદૃન ખોટી તેમજ ગેરકાયદેસર છે અને જે કોઈ રીતે ચાલવાપાત્ર નથી. પ્રતિવાદી તેઓના લેખીત જવાબમાં સ્પષ્ટપણે કબુલ કરે તે સિવાયની વાદીઓની દાવા અરજી તથા મનાઈઅરજીની કોઈ હકીકત તેઓને કબુલ નથી અને પ્રસંગે કોઈ હકીકત ઈન્કારવાની રહી જાય તો તેને અમારી ગર્ભીત કબુલાત ગણવાની કે સમજવાની નથી. વાદીઓએ હાલનો દાવો કરતી વખતે દાવાના કામે દાવાવાળી મિલ્કતમાં અન્ય સ્ટોલધારકોને પક્ષકાર બનાવેલ નથી તેમજ તેઓનુ એસોશીએશન કયારથી બનેલ છે તે અંગેની કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. તેમજ વાદીઓ જે દાદ ભાડુઆત હકકે માંગી રહેલ છે તે દાદ અંગે તેઓએ રેન્ટ એકટ હેઠળ કોઈ કાર્યવાહી કે દાવો કરેલ નથી તે સંજોગોમાં વાદીનો હાલનો દાવો સાંભળવા કે ચલાવવા આ કોર્ટને હકુમત પહોંચતી નથી જેથી દાવો ચલાવવા અંગે નામ. કોર્ટને હકુમત પહોંચતી ન હોઈ તેવા સંજોગોમાં વાદીને હાલનો દાવો સાંભળવા કે ચલાવવા આ કોર્ટને હકુમત પહોંચતી નથી જેથી દાવો ચલાવવા કોઈ હકુકત પહોંચતી ન હોઈ તેવા સંજોગોમા વચગાળાની કોઈ દાદ મંજુર થઈ શકે નહી જેથી વાદીનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સહીત રદ થવા પાત્ર છે.

વાદીએ હાલનો દાવો તથા મનાઈ અરજી કરતા અગાઉ પ્રતિવાદી સંસ્થા કે જે સ્થાનિક સંસ્થા છે અને ગુજરાત મ્યુનિસીપલ એકટ અન્વયે કામકાજ કરે છે જેથી પ્રતિવાદી સામે દાવો કરતા અગાઉ ધી ગુજરાત મ્યુનિસીપલ એકટની કલમ–૨૫૩ મુજબ નોટીસ આપવી જરુરી છે તેવી કોઈ નોટીસ પ્રતિવાદીને આપેલ નથી જેથી હાલનો દાવો નોટીસ આપ્યા વગર કરેલ હોય ચાલવાપાત્ર નથી.

વાદીએ તેઓની દાવાઅરજી તથા મનાઈઅરજીના પેરા.૧માં જણાવેલ હકીકત અધુરી, અપુરતી, અને ખોટી છે જે અમોને કબુલ નથી. વાદીઓએ તેઓની દાવા અરજીના પેરા.૧મા દાવાવાળી મીલકત સી.સ.નં. ૩૬૫૩ થી ૩૬૫૫ નગરપાલીકા દાહોદ એટલે કે,પ્રતિવાદીની માલીકીની મીલકત હોવા બાબતે કોઈ તકરાર નથી. પરંતુ વાદીઓએ સદર પેરામાં દાવાવાળી મીલકતના તેઓ કયારથી ભાડુઆત છે તેમજ દાવાવાળી મીલકત પૈકી સ્ટોલ નં.૧ થી ૫૬ તરીકે દર્શાવેલ ઈસમોએ કેટલા ભાડામાં ભાડાવાળી મીલકત ભાડે મેળવેલ છે તથા માસીક કેટલુ ભાડુ ચુકવે છે તથા કયા સુધી ભાડુ ચુકવેલ છે તેવી કોઈ હકીકત દર્શાવેલ નથી અને મોઘમ હકીકત ભાડુઆત તરીકે કબજો ધરાવે છે જે કોઈ રીતે ચાલવાપાત્ર નથી.

વાદીએ તેઓની દાવાઅરજી તથા મનાઈઅરજીના પેરા.૨માં જણાવેલ હકીકત તદ્દન ખોટી છે જે અમોને કબુલ નથી.વાદીઓનુ એસોશીએશન જે કાયદેસર નોંધાયેલ નથી જેથી તેવા અનરજીસ્ટર્ડ એસોશીએશન વતી તેના હોદ્દેદારો હાલનો દાવો કરી શકે નહી. વધુમા વાદીઓનુ એસોશીએશન કયા વર્ષમાં બનાવેલ અને ત્યારબાદ આજદીન સુધી એસોશીએશનની શું કામગીરી કરવામાં આવેલ તે અંગેની મીટીંગના ઠરાવો, ઠરાવબુક, બંધારણ વિગેરે દાવા અરજી સાથે દસ્તાવેજી લીસ્ટથી રજુ કરેલ નથી જેથી વાદીઓ તે તમામ દસ્તાવેજોના. કોર્ટમાં રજુ કરે તે અંગે અલાયદી અરજી આપેલ છે તેમજ તે રજુ થયેથી તે સામે જરૂરી ખુલાસો કરવાનો હકક અબાધીત રાખેલ છે.

વાદીએ તેઓની દાવાઅરજી તથા મનાઈઅરજીના પેરા.૩માં જણાવેલ હકીકત પૈકી અમો પ્રતિવાદી દ્વારા નવે.૧૧મા શાકભાજી સ્ટોલધારકોની નોટીસ આપ્યા સિવાયની અન્ય હકીકતો તદ્દન ખોટી છે જે તેઓને કબુલ નથી.વાદી એસોશીએશન જે તેઓના કહેવા મુજબ વણનોંધાયેલ એસોશીએશન હોઈ તેવા અનરજીસ્ટર્ડ એસોશીએશન વતી તેના કહેવાતા હોદ્દેદારો દ્વારા આપવામાં આવેલ જવાબ કોઈ રીતે કાયદેસર ચાલવાપાત્ર નથી. પ્રતિવાદી સંસ્થામા ઉપરોકત દાવાવાળી મીલકત સબંધી કોઈ વેજીટેબલ એન્ડ ફુટ માર્કેટ અસોશીએશનની નોં ધ સ્ટોલધારકોએ કરાવેલ નથી. પરંતુ માત્ર હાલનો દાવો કરવા માટે એસોશીએશન હોવાની હકીકત ઉપજાવી કાઢેલ છે. પ્રતિવાદી સસ્થામા કદી સ્ટોલધારકો દ્વારા તેઓના

જણાવ્યા મુજબ દાવો કરવાના એક મહીના અગાઉ ભાડુ આપવા માટે આવેલ હોય કે, અમોએ તેઓને કોઈ જવાબ તેઓની દાવા અરજીના પેરા.૩/૧ મા જણાવ્યા મુજબ આપેલ હોવાની હકીકત તદ્દન ખોટી છે તેનો દાવો કરવા માટે ઉપજાવી કાઢેલ છે. પ્ર તિવાદી દ્વારા આપવામાં આવેલ નોટીસ અન્વયે જે રજુઆત દાવા અરજીના પેરા.૩/૨(એ) થી (ડી) ના તર્ક રજુ કરેલ છે તે પોતાની રીતે મનઘડત અને જાણે કે વાદીઓ દાવાવાળી મીલ્કતના માલીક હોય અને તેઓએ દાવાવાળી મીલકત સબંધે નિર્ણયો કરવાના હોય તે રીતે ના સૂચનો દર્શાવેલ છે જે તદ્દન ખોટા છે અને કોઈ રીતે ચાલવાપાત્ર નથી.તેમજ વાદીઓ જણાવી રહેલ છે તેવી દાહોદમાં શાકભાજીનો ધંધો કરવા માટે ટેમ્પરરી જગ્યા પ્રતિવાદી પાસે ઉપલબ્ધ ન હોઈ તેવી જગ્યા ફાળવી શકાય તેવી કોઈ શકયતા નથી.

કારણ કે, પ્રતિવાદી સંસ્થાની સ્થાનીક સ્વરાજયની સંસ્થા છે અને સરકારશ્રીના ધારા ધોરણ મુજબ તેઓ વહીવટ ચાલે છે જેથી દાહોદ સીટી જેનો સમાવેશ સ્માર્ટસીટીમા થયેલ હોઈ દાહોદશહેરમાં જુદા જુદા પ્રોજેકટ સ્માર્ટસીટી અંતર્ગત ચાલી રહેલ છે અને તે પૈકી દાવાવાળી મીલ્કત જે ખુબ જુની અને જર્જરીત અવસ્થામા હોઈ સદર બીલ્ડીંગની જગ્યાએ નવીન બીલ્ડીંગ મલ્ટીપર્પઝ હેતુ માટે બનાવવાની યોજના હોઈ અને તે અંગેની બાંધકામની કામગીરી સ્માર્ટસીટી અંતર્ગત નિયમોનુસાર નવીન મલ્ટીપર્પઝ બિલ્ડીંગનુ બાધકામ દાહોદ સ્માર્ટસીટી લીમીટેડ દ્વારા થનાર છે.તથા સદર બીલ્ડીંગ તૈયાર થયા બાદ મહેરબાન સરકારશ્રીની મંજુરી અનુસારની કાયદેસરની કાર્યવાહી કરી મીલકતની ફાળવણી કરવાની થતી હોઈ હાલના તબકકે વાદીઓ જણાવી રહેલ છે તેવી કોઈ માંગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. તેમજ જયારે મીલકતના માલીકને મીલકત ખુબ જ જુની અને જર્જરીત થયેલ હોય ત્યારે ગમે ત્યારે કોઈ અકસ્માત સર્જાય તો તેના કારણે તેમા બેસનાર ઈસમોને જાનમાલનુ નુકશાન થાય તેમ હોઈ સદર મીલકત તાત્કાલીક ધોરણે નવીન અધતન સગવડતાવાળુ બનાવવાની જરુરીયાત છે.તેવા સંજોગોમાં દાહોદશહેરના નાગરીકો જેઓ સદર મીલકતમાં કાયમી અવર–જવર કરે છે તેઓની પણ સુવિધા જળવાય તે જોવાનુ કામ પ્રતિવાદી સંસ્થાનુ છે અને તેથી દાવાવાળી મીલકતની મીલકતના માલીકને જરુરીયાત છે જેથી ઉપરોકત

સંજોગોમા વાદીઓ દાવાવાળી મીલ્કતનો કેટલોક ભાગનો કબજો જાળવી રાખવા હકકદાર નથી. કારણ કે, જે તે વખતે સ્ટોલધારકોને સ્ટોલમાં બેસી પોતે ધંધો કરી શકે તેવા આશયથી સ્ટોલના માપ અન્વયેની વપરાશની રકમ નકકી કરી તેઓને સ્ટોલની ફાળવણી કરવામાં આવેલ. હાલમાં દાવાવાળી જગ્યામાં મોટા ભાગના સ્ટોલ ધારકો સ્ટોલનો ઉપયોગ માત્ર સ્ટોરેજ તરીકે કરે છે પરંતુ તેમા બેસી કોઈ ધંધો કરતા નથી. પરંતુ નામ. કોર્ટ દવારા કોર્ટ કમીશ્નરશ્રીની નીમણુંક વાદીઓએ કરાવેલ હોઈ સ્થળ ઉપર ફુટ તેમજ શાકભાજીનુ વેચાણ કરવામા આવે છે તેવુ બતાવવા માટે વધારેમા વધારે સ્ટોલ ધારકોને પંચનામા સમયે શાકભાજી તથા ફુટ સાથે હાજર રાખેલ અને તેની નોંધ પંચનામામાં કરાવડાવેલ છે. પરંતુ મીલકત જર્જરીત અવસ્થામા છે તે અંગે જો સમગ્ર પંચનામુ વંચાણે લેવામાં આવે તો મીલકતની છતના ભાગે પ્લાસ્ટર મોટાભાગની જગ્યાએથી નીકળી ગયેલ છે અને સળીયા પણ બહાર દેખાય છે અને તે રીપેરેબલ પણ નથી. અને તેવા સંજોગોમાં વાદીએ તેઓની દાવાઅરજી તથા મનાઈઅરજીના પેરા.૩/૩ માં જણાવેલ હકીકત તદ્દન ખોટી છે. જે તેઓને કબુલ નથી. તેમજ વાદીએ તેઓની દાવાઅરજી તથા મનાઈઅરજીના પેરા.૩/૪ મા જે હકીકત દર્શાવી રહેલ છે તે બાબતે જણાવવાનુ કે, દાહોદ નગરપાલીકા દાહોદ જે સ્થાનીક સંસ્થા છે અને ગુજરાત સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા લાગુ થતી તમામ ડેવલોપમેન્ટ સ્કીમ મુજબ કાયદેસર રીતે અને પારદર્શક રીતે અને પારદર્શક વહીવટ કરતા આવેલ છે તેમજ કોઈપણ નાગરીકને કોઈ અન્યાય થાય તેવુ કદી ઈચ્છતા નથી પરંતુ શહેરના સ્માર્ટસીટી અંતર્ગતના ડેવલોપમેન્ટને ધ્યાનમાં રાખી શહેરના વિકાસ માટે જરુર પડયે કડક કાર્યવાહી કરવાની થાય તો તેમા પણ કોઈપણ જાતના ભેદભાવ વગર તેવી કાર્યવાહી શહેરના નાગરીકોના હીતમાં કરવા બંધાયેલ છે.

વાદીએ તેઓની દાવા અરજી તથા મનાઈ અરજીના પેરા.૪ માં જણાવેલ હકીકત તદ્દન ખોટી છે જે તેઓને કબુલ ન હોય, વાદીઓએ માત્ર દાવો કરવા માટે કોઈપણ જાતના આધાર પુરાવાઓ વગર પ્રતિવાદી સામે આક્ષેપ કરેલ છે. અમો પ્રતિવાદીએ દાવાવાળી મીલકતનો કબજો મેળવવા તમામ સ્ટોલધારકોને નવેમ્બર –૨૦૨૧મા નોટીસો પાઠવવામા આવેલ છે.

વાદીએ તેઓની દાવા અરજી તથા મનાઈ અરજીના પેરા.૫માં જણાવેલ હકીકત તદ્દન ખોટી છે જે તેઓને કબુલ નથી અને વાદી જણાવી રહેલ છે તે રીતે તેઓ દાવાવાળી મીલકતનો કબજો ભોગવટો ચાલુ રાખવા હકકદાર નથી. તેમ છતાં માત્ર અને માત્ર સ્માર્ટસીટી અંતર્ગત શહેરમા ચાલતા વિકાસના કામોમાં રોડા નાંખી વિકાસના કામમાં અટકાયત કરવા માટે હાલનો દાવો તથા મનાઈઅરજી કરેલ છે જે કોઈ રીતે ચાલવાપાત્ર નથી.

વાદીએ તેઓની દાવાઅરજી તથા મનાઈઅરજીના પેરા.૬માં જણાવેલ હકીકત તદ્દન ખોટી છે જે તેઓને કબુલ નથી. વાદીઓ જે માત્ર દાવાવાળી મીલકત પૈકીની શાકભાજી સ્ટોલના કબજેદારોએ તેઓને મીલકતની માલીકી બાબતે કે મીલકતના વહીવટ બાબતે તકરાર કરવાનો કોઈ હકક કે અધીકાર પહોંચતો નથી. વધુમા,પ્રતિવાદી દવારા સ્માર્ટસીટી ડેવલોપમેન્ટ અંતર્ગત દાવાવાળી જુની પુરાણી અને જર્જરીત થયેલ મીલકત સબંધી જુની મીલકતની જગ્યાએ મલ્ટીપર્પઝ બિલ્ડીંગ તૈયાર કરવાની હોઈ તેના બાંધકામ અંગે કાયદેસરની કાર્યવાહીથી જ કામગીરી કરવા માંગી રહેલ છે જેથી તે પ્રક્રિયા અંગે હાલમા વાદીઓને કોઈ વાંધો કે વિરોધ કરવાનો હકક અધિકાર નથી કે તે અંગે દાવો કે મનાઈઅરજી કરવા કોઈ હકક અધિકાર નથી. વધુમા, આ જ મીલકતના પુર્વ તરફના ભાગમા આવેલ દુકાનોના કબજેદારો તેમજ ઉપરના ભાગે અર્બન બેંક દાહોદ ચાલુ છે તેઓએ પ્રતિવાદી દ્વારા જાહેર કરેલ ઈરાદા સબંધી કદી કોઈ વાંધો કે વિરોધ નોંધાવેલ નથી તે ઉપરથી જ વાદીઓનો મલીન ઈરાદો સ્પષ્ટ થાય છે.

વાદીઓનો કોઈ પ્રાઈમાફેસી કેસ નથી. વાદીઓના લાભમા હુકમનામુ થવાની શકયતા નથી તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓના લાભમા નથી તેમજ વાદીઓને કોઈ અગણિત નુકશાન થવાનો કે રોજગાર બંધ થઈ જવાનો કે કુંટુબને ભીખ માંગવાનો વારો આવવાનો પ્રશ્ન નથી પરંતુ માત્ર નામ. કોર્ટની સહાનુભુતી જીતવા માટે વાદીઓ સદર હકીકત જણાવી રહેલ છે. ઉલ્ટાનુ પ્રતિવાદી સંસ્થા જે જાહેર હીતમા કામ કરનાર સંસ્થા છે તેમજ દાવાવાળી મીલકત જે વર્ષો જુની જર્જરીત મીલકત હોઈ જો તેના સ્થાને સ્માર્ટ સીટી ડેવલોપમેન્ટ અંતર્ગત નવીન બિલ્ડીંગ બનાવવાના કામને અટકાયત થાય તેવો કોઈ પણ પ્રકારનો વચગાળાનો કે આખરી હુકમ કરવામાં આવે તો સીધી અસર દાહોદ શહેરના રહીશોને થાય તેમ છે. જયારે પબ્લિક એટ લાર્જનુ હકક હિત જોખમાય તેમ હોય તો તેવા સંજોગોમા અટકાયતી હુકમ થઈ શકે નહી. તે સંજોગોમા વાદીઓની દાવાઅરજીના પેરા.૯ (૧)(૨)(૩)(૪) તેમજ

મનાઈઅરજીના પેરા.૧૪(એ) તથા (બી)ની દાદ મળવા પાત્ર કે મંજુર થવા પાત્ર નથી. જેથી વાદીઓની દાવા અરજી તથા મનાઈઅરજી ખર્ચ સહીત રદ કરવા તથા ખોટા ખર્ચમા ઉતારેલ હોઈ તે રીતે જાહેર નાણાંનો વ્યય કરાવેલ હોય વાદીઓથી સ્પેશ્યલ કોમ્પનસેટરી કોષ્ટ રૃા.૨૫,૦૦૦/– વસુલ અપાવવા અરજ કરેલ છે.

૮. આ કામે ઉપરોકત દાવાના સમર્થનમાં વાદીપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ.

:–વાદી પક્ષે દસ્તાવેજી પુરાવો :–

ક્રમ	નિશાની	દસ્તાવેજની વિગત
૧	૩/૧	દાહોદ નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રીએ હાજી દાઉદ પતરાવાલા વેજીટેબલ એન્ડ એન્ડ ફ્રુટ માર્કેટ એસોસીએશન ના નગર પાલીકાની માલીકી ની સી. સ. નં.૩૬૫૩ થી ૩૬૫૫ વાળી મીલકતમાં ગ્રાઉન્ડ ફલોરમાં શાકભાજી સ્ટોલનં.૧ થી ૫૬ નાને ખાલી કરવા બાબત આપેલ નોટીસોની નકલ(કુલ–૫૬)
૨	૩/૨	વાદીઓ હાજી પરાવાલા વેજીટેબલ એન્ડ ફ્રુટ માર્કેટ એસોસીએશનએ દાહોદ નગરપાલીકા દાહોદનાને કરેલ અરજીની નકલ.
૩	૩/૩	પ્રેમચંદ લુણાભાનઈ માળી સ્ટોલ નં. ૨૮ નાને ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દાહોદનાએ આપેલ લાયસન્સની નકલ.
૪	૩/૪	વાદી સતાર રહેમાન કુજડા સ્ટોલ નં.૩૨ નાને દાહોદ નગરપાલીકાએ સંસ્થા ની નોંધણી અંગેનુ પ્રમાણપત્ર આપેલ તેની ઝેરોક્ષ.
૫	૩/૫	વાદી કુંજડા ફારુક મુન્શીભાઈ સ્ટોલ નં.૫૨ નાને દાહોદ નગરપાલીકા એ સંસ્થાની નોંધણી અંગેનુ પ્રમાણપત્ર આપેલ તેની ઝેરોક્ષ.
૬	૩/૬	કાળુભાઈ હબીબભાઈ કુંજડાને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દાહોદનાએ આપેલ લાયસન્સ નં.૧૭૭ ની ઝેરોક્ષ.
૭	૩/૭	ધી એગ્રીકલ્ચરલ પ્રોડયુઈ માર્કેટ કમિટી દાહોદનાએ લાયસન્સ નં.૯ ૪ સલીમભાઈ કાળુભાઈ સબજીફરોજનાએ આપેલ લાયસન્સની ઝેરોક્ષ.
૮	૩/૮	વાદી એસોસીએશને નગરપાલીકા દાહોદ સામે દાવો દાખલ કરવા માટે કરેલ ઠરાવની ઝેરોક્ષ.

૯. આ અરજીના નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું વાદીઓ પુરવાર કરે છે કે, તેઓનો પ્રાઈમાફેસી કેસ છે?

૨) શું વાદીઓ પુરવાર કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીયન્સ વાદીઓના લાભમાં છે ?

૩) શું વાદીઓ સાબીત કરે છે કે વાદીઓને માગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો તેઓને નાણામાં પુરી ન શકાય તેવુ નુકશાન થાય તેમ છે ?

૪) શું હુકમ ?

૧૦. ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) નકારમાં.

૩) નકારમાં.

૪) આખરી હુકમ મુજબ.

–:: <u>નિર્ણય માટેના કારણો</u> ::–

<u>મુદા નં.૧, ૨</u>,૩ :–

મુદા નં.૧ થી ૩ પરસ્પર સંકળાયેલા હોય પુરાવા તથા કાયદાની ચર્ચાનુ પુનરાવર્તન ટાળવા સદર બંને મુદ્દાઓની ચર્ચા સંયુકત કરવી ન્યાયોચીત જણાતુ હોય, મુદા નં. ૧ તથા ૩ ની સંયુકત ચર્ચા કરવામાં આવે છે.

૧૧. વાદીએ પોતાનો કેસ સાબીત કરવા મનાઈઅરજીના સમર્થનમાં આંક– ૨૮થી લેખીત દલીલો રજુ કરી જણાવેલ છે કે, નામદાર કોર્ટની હકૂમતમા આવેલ નગરપાલીકાની માલિકની સીટી સર્વે નં.૩૬૫૩ થી ૩૬૫૫વાળી જે મિલ્કત આવેલ છે તે મિલ્કત વર્ષોથી શાકભાજી તથા ફ્રુટ માર્કેટ તરીકે જાણીતી છે જેમા વાદી વર્ષોથી ભાડુઆત તરીકે કબજો ધરાવીએ છીએ. દાવાવાળી મિલ્કતના મૂળ માલિક હાજી દાઉદ યુસુફઅલી પતરાવાલા હતા. જેઓએ શાક માર્કેટના સ્ટોલ ચલાવવા અને અન્ય ઉપયોગ માટે સદર મિલ્કત દાનમાં આપેલી હોય પ્રતિવાદીને હેતુફેર કરવાનો અધિકાર પહોંચતો નથી તેવુ ઠરાવી લેવા પ્રતિવાદી નગરપાલિકા સદર જગ્યાના ભોંયતળીયાના ભાગે હાજી દાઉદ પતરાવાલા વેજીટેબલ એન્ડ ફ્રુટ માર્કેટ સદર મિલ્કતના ડોનરના આદેશ મુજબ ૧૯૫૫થી ચાલી આવતા વેજીટેબલ એન્ડ ફ્રુટ માર્કેટને બંધ કરવા હકકદાર નથી અને સદર માર્કેટમાં આવેલ અમો ૬૦–૭૦વર્ષ ઉપરાંતથી કબજો ધરાવનાર વેપારીઓને કાયદાકીય પ્રકિયા કર્યા સિવાય ખાલી કરાવી શકવા હકકદાર નથી તે મુજબનો

ડેકલેરેશન મેળવવા તથા જયાં સુધી મલ્ટીપર્પસ બીલ્ડીંગ અંગે સરકારશ્રીની મંજુરી મળે નહી. સમગ્ર સભા દ્વારા મંજુરી આપી બજેટ મંજુર થાય નહી. વર્ષો જુના ભાડુઆતોને વૈકલ્પીક જગ્યાની વ્યવસ્થા કરી આપવામાં આવે નહી ત્યાં સુધી પ્રતિવાદી અમારા વાદીઓના કબજા ભોગવટામાં હેલ્લો હરકત કે અડચણ કરે–કરાવે નહી કે અમારો કબજો લે–લેવડાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ મેળવવા હાલનો દાવો કરેલ છે.

સદર કામે પ્રતિવાદીએ દાવાનો તથા મનાઈઅરજીનો જવાબ આપેલ છે. જેમા તેઓએ રેન્ટ એકટ હેઠળ કોઈ કાર્યવાહી કે દાવો કરેલ નથી તેમ જણાવેલ છે પરંતુ એ બાબત નગરપાલિકાના ધ્યાન બહાર છે જે મિલકત નગરપાલીકાની હોય તેને રેન્ટ એકટ લાગુ પડતો નથી.

તેઓના જવાબના પે.જમા નોટીસ આપેલ નથી તેમ જણાવેલ છે પરંતુ તારીખ : ૧૫/૧૨/૨૦૨૧ની નોટીસમા સ્પષ્ટ જણાવેલ છે કે, વાદીઓ તથા નોટીસમા જણાવેલ ઈસમો નગરપાલીકાના ભાડુઆત છે. તેઓએ મિલ્કત ખાલી કરી નગરપાલીકાને સુપ્રત કરવા જણાવેલ છે. કોઈ ભાડુ બાકી હોવાનુ કે બાકી ભાડાની રકમની માંગણી કરેલ નથી. આથી પણ બાકી ભાડા અંગે તેઓને લૉ ઓફ એસ્ટોપલનો બાધ નડે છે. તેઓએ તેમના જવાબમાં સરકારશ્રીની મંજુરી અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવા અંગે જણાવેલ છે પરંતુ આવી કોઈ સરકારશ્રીની સ્કીમ કે તે અંગે ફાળવવામાં આવેલ રકમ કે ડેવલોપમેન્ટ સ્કીમ અંગેની કોઈ વિગતો રજુ કરેલ નથી. આમ પરાપુર્વથી ચાલી આવતા અને નગરપાલીકાને દાનમાં આપેલ જમીન આપનાર વ્યકિતએ માત્ર શાકભાજી વેંચનારાઓને જ સદર મિલ્કત ભાડે આપવી તે શરતે સદર મિલ્કત દાનમાં આપેલ છે તે બાબત પણ તેઓએ જાહેર કરી નથી.

દાહોદ નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ નોટીસમા તેઓએ ૫૦વર્ષ ઉપરાંતનો વાદીનો કાયદેસરનો કબજો મંજુર રાખેલ છે. અમો વાદી એસોસીએશનના તમામ સભ્યો શાકભાજી તથા ફ્રુટનો ધંધો કરી ગુજરાન ચલાવીએ છીએ આમ, અમો વાદીના વર્ષો જુના કાયદેસરના કબજાવાળી જગ્યામાં પ્રતિવાદીઓ હેલ્લો–હરકત કે અડચણ કરે–નહી કે અમો કબજો બળજબરીપુર્વક ગેરકાયદેસર રીતે કે નામદાર કોર્ટની મંજુરી વગર પચાવી પાડે નહી

તે માટેનો મનાઈહુકમ આપવો ન્યાયના હીતમા રહેશે.

શાકભાજીમાર્કેટએ સામાન્ય નાગરીકોની જીવન જરૂરીયાતની રોજીંદા વપરાશની બાબત છે જે કોઈપણ જાતના યોગ્ય કે પુરતા કારણ સિવાય અન્ય સ્થળે ખસેડવામા આવે તો સામાન્ય નાગરીકોને અસહય, પરાવાર મુશ્કેલીઓ નડે તેમ છે અને વાદીઓના કુટુંબના સભ્યો રસ્તા રઝળતા થઈ જશે અને નાણાંથી બદલો ન વળે તેવુ નુકશાન જશે.

અમો વાદીઓનો પ્રાઈમાફેસી દાવો મંજુર થવાનેપાત્ર છે તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમા થાય તેમ છે.

જો માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં નહી આવે તો પ્રતિવાદી નગરપાલીકા અમારો વર્ષો જુનો કાયદેસરનો કબજો કાયદો હાથમાં લઈ પડાવી લેશે તો અમો વાદીઓનો રોજગાર છીનવાઈ જશે, અમારૂ તથા અમારા પરિવારનુ ગુજરાન ચલાવવાનુ મુશ્કેલ બની જશે અને અમોને નાણાંથી પણ ભરપાઈ ન થાય તેવુ નુકશાન થશે. દાવાઓના અનેકીકરણમા ઉતરવુ પડશે અને અમારો આ દાવો કર્યાનો કોઈ અર્થ રહેશે નહી. જયારે માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદી નગરપાલીકાને લેશમાત્ર નુકશાન થાય તેમ નથી. કારણ કે, તેઓ જે પ્રોજેકટની બાબત જણાવે છે તેવો કોઈ પ્રોજેકટ મંજુર થયેલ નથી.

આમ, મનાઈહુકમ આપવા માટેના તમામ પ્રાથમિક મુદાઓ વાદીની તરફેણમાં હોઈ, પ્રતિવાદીના જવાબમાં તેઓએ જણાવ્યા મુજબ અનેક ટ્રાયેબલ ઈસ્યુઝ હોઈ યથાવત સ્થિતી જાળવી રાખવાનો મનાઈ હુકમ આપવો ન્યાયના હીતમાં રહેશે અને પોતાની દલીલના સમર્થનમાં વાદી તરફે નામદાર બોમ્બે હાઈકોર્ટના શ્રી વિઠ્ઠલરાવ ક્રિષ્ણરાવ જાદવ વિ.શ્રી ગુરુદાસ શંભુ ઘાડી ૨૦૨૨(૩) બોમ્બે આર.૫૭૩, નામદાર સુપ્રિમ કોર્ટના રામે ગૌડા વિ.શ્રી વરદઅપ્પા નાયડુ, ૨૦૦૩ એસ.સી.આર.૮૫૦, ૨૦૦૪(૪) આઈ.સી.સી.૮૬ તેમજ નામદાર બોમ્બે હાઈકોર્ટના ફકીરભાઈ ભગવાનદાસ અને બીજાઓ વિ. મગનલાલ હરીભાઈ અને બીજાઓ એ.આઈ.આર.૧૯૫૧ બોમ્બે ૩૮૦(૧૯૫૧) તેમજ નામદાર કેરેલા હાઈકોર્ટના કાર્થાયાયની અમ્મા વિ. ગોવિંદન એ.આઈ.આર.૧૯૮૦ કેરેલા ૨૨૪.

પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી વી.એસ.પંચાલ દલીલ કરતા જણાવે છે કે, એસોશીએસનના વહીવટકર્તાની હેસિયત વાદીઓએ દાવો કર્યો છે પરંતુ તે અંગેનો કોઈ આધાર પુરાવો રજુ કર્યો નથી આ ૧ થી ૫૬ વ્યકિતઓ વતી વાદીઓને દાવો કરવા અધિકાર છે કે નહી તે અંગેના

આધારો રજુ કરેલ નથી. હાલના દાવાના કામે કોઈ ભાડા અંગે કરાર થયો હોય, કેટલા સમય માટે ભાડે આપેલ છે, ભાડાચીઠ્ઠી થયેલ છે કે કેમ તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી માત્ર વાદીઓ ભાડુઆત છે તેવુ કહેવાથી ભાડુઆત ન બને માત્ર પરમીસીવ પઝેશન કહી શકાય. કોર્ટ કમીશ્નરના રીપોર્ટમાં જર્જરીત હાલતમાં મિલકત હોવાનું આવેલ છે. જો મનાઈ હુકમ આપવામાં આવે તો પબ્લિક એટ લાર્જને નુકશાન જાય જેથી હાલની મનાઈહુકમની અરજી ના કામે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ ઈરીપેરેબલ લોસ તેમજ પ્રથમ દર્શનીય કેસ હોવાનુ વાદી રેકર્ડ પર પોતાના દાવાના સમર્થનમાં દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ ન હોય જેથી મનાઈઅરજી રદ્દ કરવા અરજ કરતી દલીલ કરેલ છે અને પોતાની દલીલના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૨૨(૦) એ.આઈ.જે.ઈ.એલ.હાઈકોર્ટ ૨૪૩૬૨૫ જગજીતસીંગ ભાગસીંગ અરોરા વિ. વિભાબેન રાજપાલ ત્યાગી C/0 નવલભાઈ અરોરા.

૧૨. આ કામે બંને પક્ષોની વિગતવારની દલીલો સાંભળી તથા બંને પક્ષો તરફે રજુ રાખેલ નામદાર જુદી જુદી હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા માનપુર્વક વંચાણે લીધા તથા તેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો સાથે અત્રેની અદાલત નમ્રપણે સંમત થાય છે અને હાલના કેસની હકીકતોને ધ્યાને લેતાં આ કામે વાદીએ પોતાની આંક–૫ની અરજીના સમર્થનમાં નિ.૩/૧થી નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રીએ હાજી દાઉદ પતરાવાલા વેજીટેબલ એન્ડ એન્ડ ફુટ માર્કેટ એસોસીએશન ના નગર પાલીકાની માલીકી ની સી. સ.નં.૩૬૫૩ થી ૩૬૫૫ વાળી મીલકતમાં ગ્રાઉન્ડ ફલોરમાં શાકભાજી સ્ટોલનં.૧ થી ૫૬ નાને ખાલી કરવા બાબત આપેલ નોટીસોની નકલ(કુલ–૫૬), નિ.૩/૨થી વાદીઓ હાજી પરાવાલા વેજીટેબલ એન્ડ ફુટ માર્કેટ એસોસીએશનએ દાહોદ નગરપાલીકા દાહોદનાને કરેલ અરજીની નકલ, નિ.૩/૩થી પ્રેમચંદ લુણાભાનઈ માળી સ્ટોલ નં. ૨૮ નાને ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દાહોદનાએ આપેલ લાયસન્સની નકલ, નિ.૩/૪થી વાદી સતાર રહેમાન કુજડા સ્ટોલ નં.૩૨ નાને દાહોદ નગરપાલીકાએ સંસ્થાની નોંધણી અંગેનુ પ્રમાણપત્ર આપેલ તેની ઝેરોક્ષ, નિ.૩/૫થી વાદી કુંજડા ફારુક મુન્શીભાઈ સ્ટોલ નં.૫૨ નાને દાહોદ નગરપાલીકા એ સંસ્થાની નોંધણી અંગેનુ પ્રમાણપત્ર આપેલ તેની ઝેરોક્ષ, નિ.૩/૬થી કાળુભાઈ હબીબભાઈ કુંજડાને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દાહોદનાએ આપેલ લાયસન્સ નં.૧૭૭ ની ઝેરોક્ષ, નિ.૩/૭થી ધી એગ્રીકલ્ચરલ પ્રોડયુઈ માર્કેટ કમિટી દાહોદનાએ લાયસન્સ નં.૯૪ સલીમભાઈ

કાળુભાઈ સબજીફરોજનાએ આપેલ લાયસન્સની ઝેરોક્ષ, નિ.૩/૮થી વાદી એસોસીએશને નગરપાલીકા દાહોદ સામે દાવો દાખલ કરવા માટે કરેલ ઠરાવની ઝેરોક્ષ તેમજ નિ.૧૨/૩થી કોર્ટ કમિશ્નર દ્વારા સ્થળસ્થિતિનુ કરેલ પંચનામુ રજુ રાખવામાં આવેલ છે.

૧૩. આ કામે રજુ રાખેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓને તેમજ ચુકાદાઓને ધ્યાનથી વંચાણે લીધા. આ કામે સ્થળસ્થિતિનુ પંચનામુ ધ્યાને લેવામાં આવે તો કોર્ટ કમીશ્નર દ્વારા સ્થસ્થિતિનુ નિરીક્ષણ નોંધેલ છે. જેમાં પંચનામાના પેજ નં.૪ ઉપર કોર્ટ કમીશ્નરે સ્પષ્ટપણે જણાવેલ છે કે, સદરહુ શાકમાર્કેટમાં કુલ ૧૮ કોલમ જણાઈ આવે છે જેમાં આડા અને ઉભા કોલમો જણાઈ આવે છે. સદર શાકમાર્કેટમાં ઉત્તર–પશ્ચિમ દિશામાં સ્લેબનો નીચેનો પ્લાસ્ટર ઉખડી ગયેલ છે જેમાંથી લોખંડના કટાઈ ગયેલ સળીયા દેખાઈ આવે છે અને ઉત્તર પુર્વ ખુણામાં, પુર્વ દિશામાં, દક્ષિણ પુર્વ ખુણામાં તથા દક્ષિણ દિશામાં સ્લેબની નીચેનુ પ્લાસ્ટર ઉખડી ગયેલ છે. પશ્ચિમ દિશામાં ત્રીજો કોલમ નીચેની બાજુથી પ્લાસ્ટર ઉખડી ગયેલ છે તથા લોખંડના સળીયા દેખાઈ રહયા છે. સદરહુ શાકમાર્કેટમાં દક્ષિણ બાજુના દરવાજેથી પ્રવેશ કરતાં ડાબી બાજુ કોલમમાં પ્લાસ્ટર ઉખડી ગયેલ છે. દક્ષિણ દિશાએ લીંટલ હાઈટ પર બારીની જગ્યા ઉપર પ્લાસ્ટર ઉખડી ગયેલ છે તથા સળીયા દેખાય છે તા પશ્ચિમ દિશાએ સ્લેબના ભાગે પ્લાસ્ટર ઉખડી ગયેલ છે. આમ, સદર હકીકત કોર્ટ કમીશ્નર દ્વારા તા.૨/૨/૨૨ના રોજ કરેલ પંચનામામાં આ હકીકત રેકર્ડ પર આવેલ છે. જે જોતાં આ કામે નગરપાલિકા દ્વારા તા.૧૪/૧/૨૨સુધી મિલકત જર્જરીત હાલતમાં હોવાથી અકસ્માત થાય તો મોટી હોનારત થઈ શકે તેમ છે તેવી નોટીસ સદર મિલકતને ડીમોલેશન કરવા માટે અને મલ્ટીપર્પસ બીલ્ડીંગ તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે તે અંગેની નોટીસ સદર મિલકતની જર્જરીત હાલત જોઈને આપેલ છે તે હકીકતને નિ.૧૨/૩ના કોર્ટ કમિશ્નરના સ્થળસ્થિતિના હકીકતથી પેરા નં.૪માં વર્ણવેલ સ્થળસ્થિતિથી સમર્થન મળે છે અને એ હકીકત નિર્વિવાદ છે કે સદર દાવામાં દર્શાવેલ દાવાવાળી તકરારી મિલકત જર્જરીત થઈ ગયેલ છે. જે જોતાં આ કામે જો આવી જર્જરીત થયેલી મિલકતનો વપરાશ કરવાની પરવાનગી આપવામાં આવે તો આ કામે શાકમાર્કેટની મિલકત હોય જે જોતાં તેનો ઉપયોગ શાકમાર્કેટ તરીકે થાય છે ત્યારે ત્યાં જાહેર જનતાઓ તથા શાકમાર્કેટના સ્ટોલ ધારકોના જીવને

જોખમ રહેલુ છે તે હકીકત રેકર્ડ પર રજુ થયેલ ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવાઓથી ફલિત થાય છે અને જો આવા પ્રકારની જુની અને જર્જરીત મિલકતનો વાપર ઉપયોગ કરવાની મનાઈ હુકમ ફરમાવી પરવાનગી આપવામાં આવે તો મિલકતમાં વેપાર કરતા ઈસમો તેમજ જાહેરજનોના જાનમાલની નુકસાની તેમજ મોટી હોનારત થવાની શકયતા ટાળી શકાય તેમ નથી. જે સંજોગોમાં મિલકતની છતના ભાગે પ્લાસ્ટર મોટા ભાગની જગ્યાએથી નીકળી ગયેલ છે અને સળીયા બહાર દેખાય છે તેવા સંજોગોમાં મિલકતને ઉતારી લેવી તે તમામ લોકોના હિતમાં હોય જેથી તે હકીકતને ધ્યાને લેતાં તેમજ સ્માર્ટ સીટી અંતર્ગતના ડેપલોપમેન્ટને ધ્યાને લેતાં શહેરના વિકાસ માટે જરૂર પડયે કાર્યવાહી કરવી પડે તેમ હોય તે બાબતને ધ્યાને લેતા આ કામે વાદીનો ઉપરોકત કારણોસર પ્રથમ દર્શનીય કેસ જણાઈ આવતો નથી તેમજ સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં જણાઈ આવતી નથી તથા નાણાથી ન ભરપાઈ થઈ શકે તેવુ નુકસાન જો હોનારત થાય તો પ્રતિવાદીને થાય તેમ છે જે જોતાં આ કામે વાદી તરફે રજુ રાખેલ ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે અત્રેની અદાલત નમ્રપણે સંમત થાય છે પરંતુ હાલના કેસની હકીકતો ધ્યાને લેતાં ઉપરોત દર્શાવેલ કારણોસર તે વાદીને મદદરૂપ થતા નથી. જેથી મુદ્દા નંબર ૧ થી ૩નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નંબર ૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

<u>:: હુકમ ::</u>

૧. વાદીઓની હાલની આંક–૫ની અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આ ચુકાદો આજ તારીખ : ૧૫ મી માહે: મે સને ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં દાહોદ મુકામે વાંચી, સંભળાવી જાહેર કર્યો.

દાહોદ.
તા.૧૫/૦૫/૨૦૨૪.

(નિમિષા ગંગારામભાઈ સુરતી)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, દાહોદ.
કોડ નં.જી.જે.૦૦૭૧૧.